ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research e-Journal

# ભારતીય ઓટોમોબાઇલ ઉધોગો ક્ષેત્રે સરકારની નીતિઓનો એક અભ્યાસ

થાનકી પુનિતકુમાર વેણીલાલ,

એમ.એ., જીસેટ,

અર્થશાસ્ત્ર ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટિ,

રાજકોટ.

૧.પ્રસ્તાવના:

ભારતીય ઓટોમોબાઇલ ઉધોગોનો વિકાસ કરવા માટે સરકાર દ્વારા ઘણી પ્રોત્સાહક નીતિઓ ઘડવામાં આવી છે.આ નીતિઓને કારણે ઉધોગોનો ઝડપી વિકાસ થતો જોવા મળ્યો છે.તેમજ તેમને સામનો કરવા પડતા પડકારો પણ ઓછા થયા છે.સરકાર દ્વારા આ ઉધોગો ક્ષેત્રે ઇલેક્ટ્રીક વાહનોને વધુ પ્રોત્સાહનો આપવામાં આવ્યું છે.ભારત એ ઓટોમોબાઇલ ક્ષેત્રે સંશોધન અને વિકાસનું(R&D)હબ બનાવવામાં આવ્યું છે.આ ક્ષેત્રે પરીક્ષણ કેન્દ્રોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

૨.સરકારની નીતિઓ:

ભારત સરકાર દ્વારા ઓટોમોબાઇલ અને ઓટોમોબાઇલ સહાયક ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા પ્રોત્સાહક નીતિ બનાવવામાં આવી છે, જે નીચે પ્રમાણે છે.

૨.૧ રાષ્ટ્રીય ઓટો નીતિ-૨૦૧૮:

રાષ્ટ્રીય ઓટો નીતિ-૨૦૦૨ના સુધારા રૂપે ૨૦૧૮માં રાષ્ટ્રીય ઓટો નીતિ ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવી છે, જે આ પ્રમાણે છે.

વિઝન:

લાંબાગાળાની સ્થિર અને સુસંગત નીતિ શાસન પ્રદાન કરવા અને ઓટોમોટિવ ઉદ્યોગ માટે સ્પષ્ટ માર્ગદર્શન આપવા તથા ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને ઓટો સંશોધન અને વિકાસ અને મેન્યુફેક્ચરિંગ હબ બનાવશે અને ગતિશીલ લક્ષ્યાંક ઉદ્દેશોને પ્રાપ્ત કરવું.

મિશન:

રાષ્ટ્રીય ઓટો નીતિ નીચેના મિશન પ્રાપ્ત કરવા માટે કલ્પના કરવામાં આવી છે.

- એન્જિનિયરિંગ ઉત્પાદન, ઓટોમોટિવ વાહનો અને ઓટો સહાયક એકમોની નિકાસમાં ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગને વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ કરવો.

- એકંદરે ૩૫-૪૦% નિકાસને સ્કેલ-અપ કરવા અને વિશ્વમાં મોટા ઓટોમોટિવ નિકાસનું કેન્દ્ર બનાવવુ.

- ઓટોમોટિવ ક્ષેત્રને રોજગારીના નિર્માણમાં સૌથી મોટા એકમ બનાવવા માટે સક્ષમ કરવા.

- ભારતમાં ઓટોમોટિવ ક્ષેત્રને સંશોધન અને વિકાસ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવા સક્ષમ બનાવવું.

- ભારતમાં ઓટોમોટિવ ક્ષેત્રને ચલાવવા માટે સલામત અને ટકાઉ ટેકનોલોજી અપનાવવી.

ઉદ્દેશો:

રાષ્ટ્રીય ઓટો નીતિના ઉદ્દેશો આ પ્રમાણે છે.

- જી.ડી.પીમાં ફાળો વધારવો:

ભારતમાં ઓટોમોટિવ ઉદ્યોગના વિકાસને ટેકો આપવા અને દેશના જી.ડી.પી.માં મોટો ફાળો આપનાર ઉદ્યોગ તરીકે વિકસાવવો અને ૨૦૨૬ સુધીમાં ઉત્પાદન ક્ષેત્રના જી.ડી.પી.માં નોંધપાત્ર પ્રમાણમાં વધારો કરવો.

- નિકાસ વધારવી:

આગામી દાયકામાં એકંદરે ઉત્પાદનના ૩૦-૪૦% સુધી નિકાસનો સ્કેલ-અપ કરવા અને વિશ્વભરમાં ભારતિય ઓટોમોટિવ ઉદ્યોગની બ્રાન્ડની માન્યતામાં સુધારો કરવો તેમ જ સ્પર્ધાત્મકતા અને ટેકનોલોજીની પ્રગતિમાં

VIDHYAYANA

સુધારો કરવો.

- રોજગારી અને કૌશલ્યનો વિકાસ વધારવો:

ઓટોમોટિવ ક્ષેત્રમાં રોજગારી નિર્માણ માટે નક્કર પાયો બનાવવા માટે આગામી દાયકામાં પ્રત્યેક્ષ અને પરોક્ષ બંને રીતે રોજગારીમાં વધારો કરવો તથા “કૌશલ્ય ભારત”ના કાર્યક્રમનો મોટા પ્રમાણમાં અમલ કરવો જેથી રોજગારીના પ્રમાણમાં વધારો થશે.

- સ્થાનિક ક્ષેત્ર સંશોધન અને વિકાસમાં મૂડીરોકાણ વધારવો:

ઓટોમોટિવ ક્ષેત્ર સંશોધન અને વિકાસના પ્રયત્નોથી સ્વમસંચાલિત વાહનો તેમજ ઓટોમોબાઇલ અને ઓટોમોબાઇલ સહાયક એકમો આ બંનેમાં સ્વદેશી સંશોધન, ડિઝાઈન અને એન્જીનીયરીંગ તરફ દોરવા.

- કાર્યક્ષમ અને ટકાઉ ગતિશીલતાને પ્રોત્સાહન આપવું:

પર્યાવરણીય સુરક્ષાને પરવડે તેવી રીતે તેમજ તેના પર ધ્યાન કેન્દ્રિત કરીને દેશનાં દરેક વ્યક્તિ માટે સ્વચ્છ, સલામત, કાર્યશ્રમ અને આરામદાયક ગતિશીલતાને પ્રોત્સાહન આપવું.

VIDHYAYANA

૨.૨ રાષ્ટ્રીય ઈલેક્ટ્રીક ગતિશીલતા મિશન યોજના- ૨૦૨૦(NEMMP):

આ યોજનાએ ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી એક સૌથી મહત્વપૂર્ણ અને મહત્વાકાંક્ષી પહેલ છે. જે દેશમાં ઓટોમોટિવ અને પરિવહન ઉદ્યોગમાં પરિવર્તનશીલ ફેરફાર લાવવાની સંભાવના ધરાવે છે.

આ યોજનાનો મુખ્ય હેતુ આ પ્રમાણે છે.

- સરકાર અને ઉદ્યોગોના સહયોગ દ્વારા વિશ્વસનીય,સસ્તુ અને કાર્યક્રમ ઇલેક્ટ્રિક વાહનો પ્રોત્સાહિત કરવા તથા

ગ્રાહકોની અપેક્ષાઓને પૂર્ણ કરવી.

- સ્વદેશી ઉત્પાદન ક્ષમતામાં વૃદ્ધિ અને વિકાસ કરવો, તેમજ વિકાસ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધા તથા નવી ટેકનોલોજી અને ગ્રાહકોમાં જાગૃતિ વધારવાનો ઉદ્દેશ્યો છે.

- ૨૦૨૦ સુધીમાં ભારતેએ વિશ્વના ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ઈલેક્ટ્રીક વાહનોના ઉત્પાદનમાં અગ્રણી તરીકે ઉતરી આવશે.૬-૭ મિલિયન ઈલેક્ટ્રીક વાહનોના વેચાણથી ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગને વૈશ્વિક ઇલેક્ટ્રીક વાહનોના ઉત્પાદનું નેતૃત્વ પ્રાપ્ત કરવા તથા રાષ્ટ્રીય બળતણ સુરક્ષિત ફાળો આપવા સક્ષમ બનશે.

- આ યોજના ૨૦૨૦ સુધીમાં દર વર્ષે ૬ મિલિયન ઈલેક્ટ્રીક અને હાઈબ્રિડ વાહનોને રસ્તા પર મૂકવાનો લક્ષ્યાંક છે.

- ઈલેક્ટ્રીક વાહનોની માંગમાં વધારો કરવા માટે ગ્રાહકોને પ્રોત્સાહન આપવું.

- બેટરી ટેકનોલોજી, પાવર ઇલેક્ટ્રોનિક્સ, મોટર્સ, બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ, પરીક્ષણ માટે આંતરમાળખું વગેરેમાં ઉદ્યોગોને ભાગીદારીમાં વધારો કરવો અને સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવું.

- ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોત્સાહન આપવું.

- હાઈબ્રીડકીટ થી ઓનરોડ વાહનોના રેટ્રેકફીટમેન્ટને પ્રોત્સાહન આપવું.

- ઈલેક્ટ્રીક પુરવઠો વધારવા માટે પ્રોત્સાહન આપવું.

૨.૩ ઓટોમોટિવ મિશન પ્લાન: ૨૦૧૬-૨૦૨૬

ઓટોમોટિવ મિશન પ્લાનએ ભારત સરકાર અને ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગની સામૂહિક રીતે હાથ ધરવામાં આવી છે. આ પ્લાનમાં ઓટોમોબાઇલ,ઓટો સહાયક ઉદ્યોગ તથા ટ્રેક્ટર ઉદ્યોગને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. આ ઉદ્યોગો દ્વારા ભારતના વિકાસમાં મહત્વનો ફાળો આપવો, વૈશ્વિક કક્ષાએ ફાળો આપવો, ટેકનોલોજીમાં પરિપકવતા મેળવવી, સ્પર્ધાત્મકતા તથા સંસ્થાકીય માળખું વગેરે સંદર્ભમાં આવતા દસ વર્ષમાં પહોચવા જોઈએ.

આ ઓટોમોટિવ મિશન પ્લાન-૨૦૨૬ ઓટોમોબાઇલ ઉદ્યોગો અને ઓટો સહાય ઉદ્યોગોમાં જોવા મળતી આયાત-નિકાસ, તેમના ઉત્પાદનનું વેચાણ, તેમની ડિઝાઇન, તેમની ઉત્પાદન ટેકનોલોજી, સંશોધન અને પરીક્ષણ કેન્દ્રો તથા રિસાયક્લિંગનું સંચાલન કરતા વિશિષ્ટ નીતિ નિયમો અને તેમની ગ્લાઈડલાઈન આપવામાં આવી છે.આ પ્લાનમાં ભારતમાં ઓટોમોટીવ ઇકોસિસ્ટમના ઉત્ક્રાંતિના માંગને પણ વ્યાખ્યાયીત કરવાનો માર્ગ છે.

VIDHYAYANA

આ મિશન પ્લાન એ એક દસ્તાવેજ છે. જે ભારત અને વિદેશના ઘણા હિસ્સેદારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. આ પ્લાનમાં સરકાર અને ઉદ્યોગના ઉદ્દેશ્ય અને ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગને લગતા ઉદ્દેશોની વાત કરવામાં આવી છે.

મુખ્ય બાબતો:

- ૨૦૨૬ સુધીમાં ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગ એ ૩.૫% થી ૪%સુધી વૃદ્ધિદર જોવા મળશે. અને તેમનું બજાર મૂલ્ય ૨૬૦ થી ૩૦૦ મિલિયન યુ.એસ.ડોલર થશે.

- ૨૦૨૬ સુધીમાં પેસેન્જર વાહનો ૯.૪ થી ૧૩.૪ મિલિયન ઉત્પાદન થશે. વાણિજ્યીક વાહનોનું ૨.૦ થી ૩.૯

મિલિયન ઉત્પાદન થશે. ટુ-વ્હીલર એ ૫૦.૬ થી ૫૫.૫ મિલિયનની વચ્ચે ઉત્પાદન થશે. તેમજ ટ્રેક્ટરના ઉત્પાદનમાં ૧.૫ થી ૧.૭ મિલિયનની ઉત્પાદનમાં વધારો થશે.

- ભારત એ વિશ્વના ટોચના ત્રણ ઓટોમોટિવ ઉદ્યોગોમાં સામેલ થશે.

- ઓટોમોટિવ ઉદ્યોગ દ્વારા ભારતીય જીડીપીમાં ૧૨%થી વધુ ફાળો આપશે.

- ઓટોમોટિવ ઉદ્યોગ એ ભારતીય બજારમાં ૬૫ મિલિયનથી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી આપશે.

- આ પ્લાનનો હેતુ એ ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગને “મેક ઇન ઇન્ડિયા”નું એન્જીન બનાવવાનું છે.

- આ પ્લાનમાં ઓટોમેટીક ઉદ્યોગની નિકાસઓમાં વધારવા તરફ ધ્યાન આપવામાં આવ્યું છે. અને સમગ્ર ઉત્પાદનનું ૩૫-૪૦% સુધી નિકાસ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

- ઓટોમોટિવ મિશન પ્લાન ૨૦૧૬-૨૦૨૬માં ઓટોમોટિવ વાહનો અને ઓટો સહાયકો માટે “એન્ડ લાઇફ” પોલિસી લાગૂ કરવાની કલ્પના કરવામાં આવી છે. આ નીતિ બી.એસ.વી.ના ધોરણ ૨૦૧૯ સુધીમાં અપનાવવામાં આવશે અને પેસેન્જર વાહન માટે લાગુ કરવામાં આવશે.

- છેલ્લા એક દાયકામાં અર્થવ્યવસ્થાની મજબૂત વૃદ્ધિ તેમજ લોકોની વધતી જતી ખરીશક્તિ તેમજ ભારતીય મધ્યમ વર્ગની વૃદ્ધિને કારણે મોટા ઓટોમોબાઇલ ઉત્પાદકોને ભારતીય બજાર તરફ આકર્ષિત કર્યું છે.ઉચ્ચ સ્થાનિક માંગ, પૂરતા પ્રમાણમાં કાચોમાલ, તેમજ પૂરતો કુશળ માનવશક્તિ વગેરે કારણે ભારતમાં ઓટોમોબાઇલ એ આકર્ષણ નું કેન્દ્ર બન્યું છે.

૨.૪ રાષ્ટ્રીય ઓટોમોટિવ પરીક્ષણ અને સંશોધન અને વિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ(NATPIP):

આ પ્રોજેક્ટ એ ઓટોમોટિવ ક્ષેત્રે ભારત સરકારની એક પહેલ છે. આ પ્રોજેક્ટ મૂળ ઉદ્દેશ્ય ઓટોમોટીવ ઉદ્યોગની ક્ષમતાઓને સુધારવા માટે અને વધારવા માટે છે. આ પ્રોજેક્ટનો હેતુ એ વૈશ્વિક ઓટોમોટીવ ઉદ્યોગના નકશામાં ભારતીય ઓટોમોટીવ ઉદ્યોગ ને મુખ્યત્વે સ્થાપિત કરવા માટે છે.

મુખ્ય બાબતો:

- ઉત્પાદનમાં વધારો કરવો

- સ્થાનિક કક્ષાએ સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવું.

- આ પ્રોજેક્ટમાં ઓટોમોટિવ ક્ષેત્રે નિકાસમાં વધારો કરવાનો છે. તેમજ ઓટોમોટિવ એન્જિનિયરિંગ ક્ષેત્રમાં આઈ.ટી અને ઇલેક્ટ્રોનિક્સ અપનાવવું અને ભારતની અપ્રતિમ શક્તિને વિશ્વ સામે મૂકવી.

- ભારતને ૬ ટ્રીલિયન ડોલરના વૈશ્વિક ઓટોમોટિવ બિઝનેસમાં નિશ્ચિત પણે સ્થાન આપવવું.

- આગામી પાંચ વર્ષમાં દેશોમાં ટ્રેક્ટરનું વેચાણ ૯%ની સી.એ.જી.આર.પર વૃદ્ધિ થવાની સંભાવના છે.

- ભારતમાં ટુ-વ્હીલરનું ઉત્પાદએ છેલ્લા સાત વર્ષમાં વાર્ષિક ૮.૫ મિલિયનથી વધીને ૧૫.૯ મિલિયન થયું છે. તેમજ ગ્રામીણ બજારોમાં નોંધપાત્ર તકો અસ્તિત્વમાં આવી છે.

- ૨૦૨૦ સુધીમાં ભારતમાં કાર બજારમાં વાર્ષિક ૬ મિલિયન ઉત્પાદન વધવાની સંભાવના છે.

- આ સુવિધાઓએ ભારત સરકાર દ્વારા ભારતીય ઓટો ઉદ્યોગને આવશ્યક પ્રેરણા પૂરી પાડવા માટે એક વિઝન સાથે ગોઠવવામાં આવી છે. તેમ જ વૈશ્વિક સ્તરે જોવા મળતાં ઓટો ઉધોગના પડકારોના ઉકેલ લાવવામાં પણ

મદદરૂપ બનશે. સ્વદેશી માંગને વધારવા માટે પણ પ્રયત્ન કરવામાં આવશે.

- ભારત સરકારના હેવી ઇન્ડસ્ટ્રીઝ એન્ડ પબ્લિક એન્ટરપ્રાઇઝ મંત્રાલય દ્વારા આ પ્રોજેક્ટની રચના કરી છે. રાષ્ટ્રીય ઓટોમેટીક પરીક્ષણ અમલીકરણ માટે આ એક સ્વાયત સંસ્થાની સ્થાપના કરી છે.નાટિસ(NATIS) દ્વારા ભારતમાં કુલ ૩૭૨૭.૩૦ કરોડના રોકાણ સાથે ભારતભરમાં કુલ ૬ સ્થળોએ ઓટોમોટિવ પરીક્ષણ સુવિધાઓની સ્થાપના કરવાની જવાબદારી સોંપવામાં આવે છે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર તેમજ અનેક રાજ્ય સરકારો અને ભારતીય ઓટોમોબાઇલ ઉદ્યોગ દ્વારા એક અત્યાધુનિક પરીક્ષણ માટે સંશોધન અને વિકાસનું આંતરમાળખું બનાવશે.

૩.તારણો:

-રાષ્ટ્રીય ઓટો નીતિ ૨૦૧૮નું મુખ્ય લક્ષ્યએ ભારતીય ઓટોમોબાઇલ ઉધોગને વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ કરવાનો છે.તેમજ આ નીતિ દ્વારા નિકાસ,રોજગારી,સંશોધન અને વિકાસ કેન્દ્રો તેમજ ટકાઉ વિકાસ ક્ષેત્રે ઉચ્ચ લક્ષ્યાંક પ્રાપ્ત કરવાના છે.

-રાષ્ટ્રીય ઇલેક્ટ્રીક ગતિશીલતા મિશન યોજના દ્વારા ભારતમાં ઇલેક્ટ્રીક વાહનોનો વિકાસ કરવાનો છે.તેમજ ૨૦૨૦ સુધીમાં ૬ મિલિયન ઇલેક્ટ્રીક વાહનોનું વેચાણ કરવાનો લક્ષ્ય ધરાવે છે.દેશમાં ટકાઉ વિકાસને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

-ઓટોમોટિવ મિશન પ્લાન ૨૦૧૬-૨૦૨૬માં ઓટોમોટિવ ક્ષેત્રે નિકાસ,રોજગારી,ઉત્પાદન,નવી ટેકનોલોજી તેમજ ભારતીય જીડીપીમાં ૧૨%થી વધુ ફાળો આપવાનો લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

-રાષ્ટ્રીય ઓટોમોટિવ પરીક્ષણ અને સંશોધન અને વિકાસ ઇન્ફ્રસ્ટ્રક્ચર પ્રોજેકટ દ્વારા દેશને વૈશ્વીક

ઓટોમોટિવ ઉધોગોના નકશામાં ભારતીય ઓટોમોટિવ ઉધોગોને મુખ્યત્યે સ્થાપિત કરવા માટે છે.દેશમાં પરીક્ષણ અને સંસોધન અને વિકાસ કેન્દ્રોનો વિકાસ કરવાનો અને તેમની સ્થાપના કરવાની જવાબદારી સોપવામાં આવી છે.

૪.ઉપસંહાર:

આ લેખમાં ભારતીય ઓટોમોબાઇલ ક્ષેત્રે સરકારની નીતિઓ અંગે માહિતી આપવામાં આવી છે.રાષ્ટ્રીય ઓટો નીતિએ ૨૦૦૨ના સંદર્ભમાં રજૂ કરવામાંઆવે છે.આ નીતિ સફળ જોવા મળે છે.દેશમાં ઇલેક્ટ્રીક વાહ્નોમાં વધારો થાયતે માટે પણ અનેક પ્રોજેકટ અને યોજના સરકાર દ્વારા બનાવમાં આવ્યા છે.જે એક સારી બાબાત છે.

સંદર્ભ સૂચિ

https://dhi.nic.in/writereaddata/uploadfile/DHI-NAB-Auto%20Polic%20Draft%20Document vDRAFT.pdf

National Electric Mobility Mission Plan(NEMMP)2020

Automotive Mission Plan 2016-26

National Automotive Testing and R&D Infrastructure project(NATRiP)

www.sesei.eu

http://www.siamindia.com/